ક્રમાંક/ઘ/માધ્ય/પરચ/૨૦૧૯/30355-8
કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ. રા.ગાંધીનગર,
તા૨૨/૧૦/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

**વિષય : શાળાઓના શૈક્ષણિક પ્રવાસ બાબતની સુચનાઓ**

**સંદર્ભ** : શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૨૨૦૧૯/૯૯/વ.૨,

સચિવાલય, ગાંધીનગર, તા. ૦૫/૦૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, **શાળાઓના શૈક્ષણિક પ્રવાસ બાબતની સુચનાઓ નીચે મુજબ છે જે ધ્યાને લેવા જણાવવામાં આવે છે.**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા શિક્ષણ વિભાગના તા. ૫/૨/૧૯ ના પરિપત્રને ધ્યાને લઈ પૂરતી ચકાસણી કર્યા બાદ જ પ્રવાસ મંજુરી આપવાની કે અત્રે દરખાસ્ત કરવાની રહેશે.
- રાજ્યની અંદર પ્રવાસ માટે સરકારી/અનુદાનિત/ખાનગી શાળાઓને જિ.શિ.અ.શ્રી દ્વારા મંજૂરી આપવાની થાય.
- રાજ્ય બહારના પ્રવાસ માટે સરકારી/અનુદાનિત/ખાનગી શાળાઓ માટે માધ્યમિક અને ઉ.મા. શાળાઓની મંજુરી નિયામકશ્રી, શાળાઓની કચેરીની કક્ષાએથી આપવાની થાય.
- આવી મંજૂરી અત્રેથી મેળવવાની થતી હોય તો શિક્ષણ વિભાગના તા. ૫/૨/૧૯ ના પરિપત્રને ધ્યાને લઈ પૂરતી ચકાસણી કર્યા બાદ જ પૂરતા આધાર પુરાવા, આચાર્યશ્રીના બાંહેધરી પત્રક તથા આપશ્રીના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે પ્રવાસ ઉપડવાની તારીખના ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલાં અત્રેની કચેરીને મળે તે રીતે આપશ્રીની કચેરી દ્વારા જ દરખાસ્ત મોકલવાની રહેશે.
- શાળા દ્વારા રાજ્ય બહાર પ્રવાસ મંજૂરી અંગેની સીધી દરખાસ્ત (આપશ્રીની કચેરીના ફોર્વર્ડીંગ પત્ર સિવાય) ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- જો દરખાસ્ત પ્રવાસની તારીખના સંદર્ભમાં મોડી મળશે તો મંજૂરી આપવામાં આવતી નથી તેમ માનવાનું રહેશે.
- પ્રવાસની મંજૂરી અંગેની દરખાસ્ત આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ હશે તો જ મંજૂરી આપવામાં આવશે. અધૂરાશ વાળી દરખાસ્ત અત્રે મોકલવી નહીં. ચેકલીસ્ટની વિગતો મુજબ ક્રમશ: આધાર પુરાવા રાખવાના રહેશે. (પેજ નંબર સાથે)

**બીડાણ : ચેકલીસ્ટ નો નમૂનો**

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner

## તા. ૦૫/૦૨/૧૯ ના ઠરાવને આધારે તથા અત્રેથી આપવાની થતી રાજ્ય બહાર પ્રવાસની મંજૂરીના પત્રમાં સૂચવેલ શરતોનું ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | સામેલ છે કે નહીં ? | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | જિ.શિ.અ.શ્રીનો અભિપ્રાય (ફોર્વર્ડીંગ લેટર) | | |
| ૨ | જિ.શિ.અ.શ્રીનું પ્રમાણપત્ર (તા.૦૫/૦૨/૧૯ ના ઠરાવનું પાલન કરીને પ્રવાસ અંગેની આ દરખાસ્ત ભલામણ સહ મોકલી આપું છું તેવું પ્રમાણપત્ર ) | | |
| ૩ | પોલીસ કચેરીને જાણ કરતો પત્ર | | |
| ૪ | શૈક્ષણિક પ્રવાસ અંગેનો કાર્યક્રમ તથા રૂટ (શાળાના આચાર્યશ્રીનો) | | |
| ૫ | પ્રવાસમાં જોડાનાર વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની યાદી (લાગું પડતું હોય તો મહિલા શિક્ષિકા સાથે) | | |
| ૬ | શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર(વાલીઓના સમંતિપત્રકના આધારે) | | |
| ૭ | મંડળનો ઠરાવ | | |
| ૮ | ટ્રાન્સપોર્ટેશન માટેના ડોક્યુમેન્ટ (આર.સી.બૂક, વીમો, પી.યુ.સી.) | | |
| ૯ | ડ્રાઈવરના ડોક્યુમેન્ટ(લાયસન્સ, આધારકાર્ડ) | | |

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી

Scanned with CamScanner